મૂરખ માણસની
મૂર્ખાઇ કે
ભોળપણનો લાભ
ઉઠાવવો એ પાપ છે
- આચાર્ય ચતુરસેન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૮૮ — ૭ જૂન ૨૦૧૨, ગુરૂવાર, જ્યેષ્ઠ વદ - ૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


## ગાંધીનગરમાં મોડી સાંજે તોફાની પવન અને વરસાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં મોડી સાંજે તોફાની પવન સાથે વરસાદ પડતાં દોડધામ મચી હતી. દિવસભરના સખત ઉકળાટ બાદ સાંજે તોફાની પવન ડમરીઓ સાથે આવ્યો હતો. ગાજવીજ સાથે વરસાદનું ઝાપટું પણ પડ્યું હતું. સાંજે ૬ વાગ્યાના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતાં ગરમીનો પારો નીચે ઉતરી ગયો હતો. વાદળો ઘેરાયા હતા અને રાત્રે ૮ વાગ્યા સુધીમાં તો આંધી અને વરસાદનું આગમન થયું હતું.

એકાએક વાતાવરણમાં પલ્ટો આવતાં જનજીવન પર ઘેરી અસર વર્તાતી હતી. ઘર બહાર નિકળેલા નગરજનો ભારે ઉચાટમાં ઘરે પહોંચવા દોડધામ કરતાં દેખાતા હતા. વરસાદ એક કલાક સુધી વરસ્યો હતો. પવને પણ એટલા જ જોરથી આક્રમક સ્વરૂપ દર્શાવ્યું હતું. કેટલાક નમી ગયેલા વૃક્ષો પડી ગયા હતા. અને વાહન વ્યવહાર પર પણ ઘેરી અસર વર્તાતી હતી. દર વર્ષ કરતાં વહેલો વરસાદી માહોલ સર્જાયો હોવાથી સારા ચોમાસા માટે સૌ આશા રાખી રહ્યા છે. ઠેર ઠેર વાહન ચાલકો તોફાની પવનને કારણે અટવાયા હતા.

# નગરના બાંધકામ વિસ્તારમાં મેલેરિયાનો ઉપદ્રવ

## બાંધકામ વિસ્તરના મજૂરોના સ્કીનીંગ માટે તંત્રએ સંચાલકોને કરેલી કડક તાકીદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરની વિવિધ બાંધકામોની સાઈટો પર કામ કરતા મજૂરોમાં મેલેરિયાના કેસો વધુ જોવા મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને આ મજૂરોના સ્કીનીંગ માટે સાઈટ સંચાલકોને કડક તાકીદ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં હાલ અર્ધાડઝન કરતાં પણ વધુ મોટી સાઈટો પર ૫૦ હજાર જેટલા પરપ્રાંતિય મજૂરો રોજગારી મેળવી રહ્યા છે. આ મજૂર પરિવારોમાંથી રોજેરોજ છુટાછવાયા કેસો મળી રહ્યા છે.

આ મજૂરો જે વિસ્તારમાં રહે છે ત્યાં તકેદારીના પગલાંરૂપે ફોગીંગની કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. તંત્રએ આ મજૂરોના સ્કીનીંગ તેમજ બ્લડ સેમ્પલ પણ ચકાસવાનો નિર્ણય કર્યો છે અને સ્કીનીંગ માટે સાઈટ સંચાલકોને તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં આ વખતે મેલેરિયાના કેસોમાં ચોમાસા પૂર્વે જ ઉછાળો નોંધાયો છે. તાજેતરમાં કોર્પોરેશનમાં કમિશનરશ્રીએ

### તકેદારીના પગલાંરૂપે તંત્ર દ્વારા ફોગીંગની કાર્યવાહી

બોલાવેલી બેઠકમાં પણ આ બાબતે કડક તાકીદ કરી હતી.

કોર્પોરેશને તો સિવિલ હોસ્પિટલની સાઈટ પરથી મજૂરોને પોઝીટીવ મેલેરિયા જણાતાં પ્રોજેક્ટ સંચાલન કરતા યુનિટને નોટીસ પણ આપી હતી.

ગાંધીનગર શહેરમાં નવા સચિવાલય સંકુલમાં ચાલી રહેલા બે બ્લોકના નિર્માણ કાર્યમાં જોતરાયેલા બે મજૂરોને પણ મેલેરિયા પોઝીટીવ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત ગિફ્ટ સીટી પર કામ કરતા મજૂરોમાં પણ પોઝીટીવ કેસ મળી આવ્યા છે.

બિનસત્તાવાર આંક પ્રમાણે ૨૫ થી પણ વધુ કેસ આ મજૂરોમાં મળી આવ્યા છે. આ મજૂરોના પોઝીટીવ કેસ મળતાં હવે તંત્રએ સંચાલકોને મજૂરોના સ્કીનીંગનો રિપોર્ટ આપવા પણ જણાવી દીધુ છે. આ ઉપરાંત એક લેબ ટેકનીશ્યન પણ અલાયદો ફાળવવાનું તંત્ર વિચારી રહ્યાનું જાણવા મળેલ છે.








પંજાબનો તડકો કે ગુજરાતનો ચસ્કો,
ફક્ત એક જ જગ્યાએ

AGORA MALL™ High-end destination @ 200 Ft. Ring Road, Between Tapovan & Bhat Circle
Call: 90332 84284, 99741 35953, 92278 88221
www.sbam.in




